UGC Approved Journal No:- 62819 ISSN: 2319-202X

# ચાલો સફળ વિદ્યાર્થી બનીએ...!

**પ્રિ. ડૉ. જે. એમ. નાયક**
આચાર્ય, શાહ એન. એચ. કોમર્સ કૉલેજ, વલસાડ
ફો. ૦૨૬૩૨-૨૫૪૨૨૪, shahnhcc@yahoo.com

૧૫મી ઓક્ટોબરનો દિવસ કે જે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામસાહેબનો જન્મદિવસ છે તેને યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન (U.N.O.) દ્વારા "World Student Day" તરીકે ઘોષિત કરવામાં આવેલો છે. આપણા પૂર્વ રાષ્ટ્રપતિના અવસાન બાદ આ બીજો વિશ્વ વિદ્યાર્થીદિન આવ્યો છે. પ્રથમ વિશ્વ વિદ્યાર્થીદિને આપણે છેલ્લાં સાત વર્ષો દરમિયાન આ કૉલેજના બેસ્ટ સ્ટુડન્ટ Boy અને Girl ના અભિવાદનની સાથે સાથે આપણી કૉલેજના ૧૯૭૩ ના પ્રથમ જનરલ સેક્રેટરી અને છેલ્લા દશ વર્ષના ઠ.૨. નું સન્માન કર્યુ હતું એ યાદ હશે જ. ચાલુ વર્ષના વિદ્યાર્થીઓએ જે પરિપકવતા દાખવી છે તેને ધ્યાનમાં લઇને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ ના તમામ વર્ગ પ્રતિનિધિઓનું આજે આપણે અભિવાદન કરી રહ્યા છીએ. જે રીતે શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે તે જ રીતે વિદ્યાર્થી દિનની ઉજવણીમાં અમો શિક્ષકોને પણ વિદ્યાર્થીઓનું અભિવાદન કરતાં આનંદ અને ગૌરવની લાગણી થાય છે.

એકવીસમી સદીએ જ્ઞાનની સદી કહેવાય છે, જ્ઞાનની આ સદીમાં ઉત્તમ વિદ્યાર્થી કે શ્રેષ્ઠ નાગરિકનું ઘડતર થાય એ શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે. વર્તમાન હરિફાઇના સમયમાં માતા-પિતાની પોતાના સંતાન-વિદ્યાર્થીઓ પરત્વેની અપેક્ષાઓ વધતી જાય છે. શાળા- કોલેજોમાં ઊંચા પરિણામની ટકાવારી માટે સ્પર્ધાત્મક વાતાવરણમાં શૈક્ષણિક સંસ્થાઓને પણ પોતાના વિદ્યાર્થી બોર્ડ કે યુનિવર્સિટીમાં ટોપર કે ગોલ્ડ મેડાલિસ્ટ નીવડે એવી અપેક્ષાઓ હોય છે. રાષ્ટ્રને પણ ઉચ્ચ શિક્ષણ દ્વારા દેશને આદર્શ નાગરિકની ભેટ મળે મળે એવી અપેક્ષા હોય છે. આવા અપેક્ષાઓના માહોલમાં અને કટ-થ્રોટ કોમ્પિટિશનમાં વિદ્યાર્થી પર દબાણ આવે છે, વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પરિણામનો ભાર લાગે છે.

કોઇપણ સાચો શિક્ષક તેના સાચા વિદ્યાર્થી વિના અધૂરો છે તે જ રીતે સાચો વિદ્યાર્થી પણ તેના શિક્ષક વિના અધૂરો છે. શિક્ષણ જગતમાં સૌથી મહત્ત્વના કેન્દ્રસ્થાને મારા મતે શિક્ષક અને વિદ્યાર્થી રહેલા છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની જવાબદારી શિક્ષક અને માતાપિતાની સાથે સાથે વિદ્યાર્થીની પોતાની પણ રહેલી છે. વિદ્યાર્થીની એટલા માટે કે દરેક વિદ્યાર્થીઓને પોતાના ઓવરઓલ ડેવલપમેન્ટ માટે આચાર્ય અને શિક્ષકો દ્વારા યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવતું હોય છે અને તેનો વિદ્યાર્થીઓ ભરપૂર ઉપયોગ કરીને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવીને સંપૂર્ણપણે

ખીલવી પોતાની આગવી ઓળખ ઉભી કરે છે ! જેવી રીતે શ્રેષ્ઠ શિક્ષક અનેકવિધ હકારાત્મક ગુણોથી ભરેલો હોય છે તે જ રીતે શ્રેષ્ઠ વિદ્યાર્થી પણ વિવિધ કવોલિટીઝથી ભારોભાર છલકાતો હોવો જોઇએ.

College student Life is the golden period of Life. કોલેજમાં ઉચ્ચશિક્ષણના અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીએ પરિપકવતાના દર્શન કરાવવાના હોય છે. સારું શું અને નરસું શું તમે સમજી શકો છો ત્યારે કોલેજનો અભ્યાસ એ કારકિર્દીના ઘડતર માટે ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. કોલેજના અભ્યાસના વર્ષો જો તમે વેડફી નાંખશો તો આખી જિંદગી દુઃખી થવું પડશે. આપ સૌ અત્યારે ભણવા માટેની યોગ્ય ઉંમરે છો અને જે યોગ્ય ઉંમરે ભણતો નથી અને ભણીને જ્ઞાનનો છોડ વાવતો નથી તેને વૃક્ષના ફળ અને છાંયડો મળતા નથી. તેથી કેરિયર બનાવવાના આ સુવર્ણગાળાને વેડફી નાંખશો નહીં. સફળ વિદ્યાર્થી બનવા માટે વિદ્યાર્થીએ વિદ્યાના અર્થી બનવું પડે છે. વિદ્યાર્થી બની રહેવાની ભાવના થકી અને શિક્ષણની સાધના થકી જ સફળ વિદ્યાર્થી બની શકાય છે. વિદ્યાર્થીને જ્ઞાન મેળવવા માટેની તત્પરતા હોય તે માટે અનુશાસન (શિસ્ત) આવશ્યક છે. નમ્રતા, સદભાવ, હકારાત્મ અભિગમ કે નકારાત્મક બાબતોથી દૂર રહેવું વગેરે ગુણો જ વિદ્યાર્થીને લાયક વિદ્યાર્થીની કક્ષામાં મૂકી શકે છે. વિદ્યાની ઉપાસના એ જ વિદ્યાર્થીનો પ્રાથમિક ધ્યેય હોવો જોઇએ. વિદ્યાર્થી જ્ઞાનપિપાસુ બનીને જ નોલેજ સોસાયટીનો એક મહત્ત્વનો ભાગ બની શકે છે. શિક્ષણ મેળવવા સાધના કરવી પડે છે. શિક્ષણની સાધના થકી ઉજ્જ્વળ ભવિષ્ય બનાવીને પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ સત્તા વગેરે મેળવી શકાય છે.

જે વિદ્યાર્થી ફક્ત ડિગ્રી પ્રાપ્ત કરવા માટે જ કોલેજના પગથિયાં ચડવાનું શરૂ કરે છે તો તેમને ખાસ જણાવવાનું કે શિક્ષણ માત્ર ઉપાધિ મેળવવા માટે નથી જ નથી ! શિક્ષણ અને સાચી કેળવણી એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. જે રીતે રાજ્ય સરકાર દ્વારા દર વરશે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું પુરસ્કાર આપીને 5મી સપ્ટેમ્બરે અભિવાદન કરવામાં આવે છે તે જ રીતે આપણી કોલેજમાં Best student- Boy અને Best student-Girlની પસંદગી કરીને વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહમાં આપને પુરસ્કૃત કરીએ છીએ.

શ્રેષ્ઠ વિદ્યાર્થી બનવા માટે એનામાં નિયમિતતાનો ગુણ હોવો અતિઆવશ્યક છે. કોલેજમાં નિયમિતપણે હાજર રહીને (બંક નહીં કરીને) દરેક વર્ગોમાં ધ્યાન દઈને ભણે એ જરૂરી છે. કોઈપણ વિદ્યાર્થીનું જીવન "નિયમિતતા"થી દિપી ઉઠતું હોય છે. આદર્શ વિદ્યાર્થી ફક્ત પરીક્ષાની પળોજણમાં ગૂંચવાયેલો રહેતો નથી. કોલેજમાં ચાલતી વિવિધ સહઅભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઇને પોતાનો સર્વાંગી વિકાસ સાધે એ આદર્શ વિદ્યાર્થી માટે જરૂરી છે. રમતગમત, સાંસ્કૃતિક, ડિબેટ તથા અન્ય ઇતર પ્રવૃત્તિઓમાં ભાગ લઇને એ પોતાનું વ્યક્તિત્વ ખીલવી શકે છે.

વિદ્યાર્થી જીવન દરમિયાન શિક્ષણની સાધના સંદર્ભે મહાન શિક્ષણશાસ્ત્રી વિદ્યાસાગરજીનો કિસ્સો વિદ્યાર્થી મિત્રો ધ્યાનથી સાંભળજો. વિદ્યાસાગરજી જ્યારે અભ્યાસ કરી રહ્યાં હતાં. ત્યારે સ્ટ્રીટ લાઇટના થાંભલે વાંચીને આગળ વધ્યાં હતાં. તે વખતનો આ પ્રસંગ છે. વિદ્યાસાગરજી થાંભલા પરની લાઇટના અજવાળે વાંચી રહ્યાં હતાં. ત્યારે એમના ઓળખીતાએ કહ્યું કે આટલું કષ્ટ વેઠીને ભણવાં કરતા નોકરી શોધી લે અને નોકરી કરવા માંડ ! ત્યારે વિદ્યાસાગરજીનો વિદ્યાર્થી અવસ્થામાં પ્રત્યુત્તર હતો કે "આ મારી સાધનાનો સમય છે, કઠણાઇ છે તેથી શું થઇ ગયું ? મને બૌદ્ધિક ક્ષમતા વધારવાની આ તક ફરી ક્યારે મળશે ?" આદર્શ વિદ્યાર્થી બનવા માટે આ પ્રત્યુત્તર પણ પૂરતો છે. મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી કે જે આજે બી.એડ્. કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર છે. તેઓ ભણતાં હતાં ત્યારે તેમના સગાવહાલાં વારંવાર ટોર્ચર કરીને ભણવાનું છોડીને નોકરી પર લાગી જવાનો આગ્રહ કરતા હતા. જેની અવગણના કરીને વિદ્યાર્થી જીવનમાં કઠોર પરિશ્રમ કરીને એઓ એમ.કોમ., એમ.એડ.,પી.એચ.ડી થઇને આજે અધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે.

આપણામાં કહેવાયું છે કે "વિદ્યા વિનયથી શોભે છે." તેથી આદર્શ વિદ્યાર્થીની વર્તણૂંક વિનયપૂર્વક હોવી જરૂરી છે. તોફાની કે ઉધ્ધતાભર્યા વર્તનથી તે સાથી વિદ્યાર્થીઓમાં કે અધ્યાપકવર્ગમાં પણ અપ્રિય બને છે. આજ્ઞાંકિત વિદ્યાર્થી કોલેજના નીતિનિયમોનું પાલન કરીને કે આચાર્ય અને શિક્ષકોની આજ્ઞાનું પાલન કરીને કે આચાર્ય અને શિક્ષકોની આજ્ઞાનું પાલન કરીને તેમનો પ્રિય વિદ્યાર્થી બની શકે છે. વિદ્યાર્થીનો અર્થ જ વિદ્યાનો અર્થી થાય છે એ યાદ રાખવું જોઇએ. વળી, ફક્ત પોતાના વિષયોનું જ જ્ઞાન પ્રાપ્ત કરે એ આદર્શ વિદ્યાર્થી માટે પર્યાપ્ત નથી. વિશાળ વાંચન દ્વારા જ એ વૈશ્રિવક પ્રવાહોથી વાકેફ રહી શકે છે. વાચન દ્વારા એ સતત પોતાના ગ્યાનમાં વધારો કરી શકે છે. નવી નવી જાણકારી મેળવવી અને પોતાના જ્ઞાનના ભંડારમાં વધારો કરતા રહેવું એ આજના સ્પર્ધાત્મક માહોલમાં અતિ જરૂરી છે.

શ્રેષ્ઠ વિદ્યાર્થીની ઓળખ એ છે કે તેનામાં પહેલવૃત્તિ હોવી જોઇએ. કોઇપણ કાર્યમાં "Yes I can do" એ પ્રકારની મનોવૃત્તિ હોવી જોઇએ. આ મારાથી નહીં થાય કે મારું આ કામ નથી એવું વલણ બરાબર નથી. કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા હોય કે કોઇ ગૃપનું નેતત્વ લેવાની વાત હોય ત્યારે "પહેલ" કરીને અગ્રેસર રહ્નાર જ આદર્શ વિદ્યાર્થી બની શકે છે.

આ કોલેજના આચાર્ય તરીકે અને એક શિક્ષક તરીકે મારે મારા વિદ્યાર્થેઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે આજના "વિદ્યાર્થી દિન" ની ઉજવણી પ્રસંગે કેટલાક નમ્ર સૂચનો કરવા છે.

(૧) મને સમય જ નથી મળતો એવું ક્યારેય કહેશો નહીં. કારણકે પરમકૃપાળુ પરમાત્માએ ગરીબ-અમીર દરેકને દિવસના ચોવીસ કલાક જ આપેલા છે. અમેરિકાના પ્રેસિડેન્ટને અને એક સામાન્યા ભિખારીને પણ દિવસના સરખા કલાક જ

મળે છે. અમેરિકાના પ્રેસિડેન્ટને અને એક સામાન્યા ભિખારીને પણ દિવસના સરખા કલાક જ મળે છે. તેથી સમ્યનું સમુચિત આયોજન કરીને શ્રેષ્ઠતા તરફ ડગ માંડજો.

(૨) સારાં સારાં પુસ્તકોને મિત્રો બનાવતો રહેજો. કમાતા થાય પછી સારાં પુસ્તકો ખરીદવાની ટેવ પણ પાડજો ! પુસ્તકોના પાનાંઓ જીવન પલટાવી શકવાની તાકાત ધરાવે છે.

(૩) જે કંઇ પણ કરો એ શ્રેષ્ઠ કરવા પ્રયત્નશીલ રહેજો. શ્રેષ્ઠતાની કિંમત છે, ચીલાચાલુની નહીં. અલબત્ત, ઉત્તમતાની કિંમત ચૂકવવા પણ તૈયાર રહેજો. સંપૂર્ણતા માટે નહીં પરંતુ શ્રેષ્ઠતા માટે મથતા રહેશો.

(૪) 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવત એમ જ નથી પડી. શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહીને તંદુરસ્તી જળવાઇ રહે તે માટે કાળજી રાખજો. શરીરને કયમી નિરોગી રાખવા પ્રયત્ન કરતા રહેવું.

(૫) જીવનમાં કટાઇ જવા કરતાં બીજા માટે ઘાસાઇ જવું બહેતર છે. દરરોજ પોતાની જાતને સુધરાવા માટે પ્રયત્નશીલ રહેજો.

(૬) વ્યસનથી દૂર રહેવા, વ્યસની મિત્રોની સોબત કરશો નહીં.

અંતમાં, મારી વાણીને વિરામ અપતાં હું ચોક્કસ કહીશ કે શ્રેષ્ઠ પુસ્તકોના સત્સંગ થકી, સારા અધ્યાપકોના સત્સંગ થાકી અને સારા મિત્રોની સોબત થકી તમે આદર્શ કે શ્રેષ્ઠ વિદ્યાર્થી બને એવી શુભકામના પાઠવીને વિરમું છું.


## શિક્ષણ દર્શન ના લેખકો માટે

**શિક્ષણ દર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X)** માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (**Shruti**) ફોન્ટમાં ટાઈપ કરી નીચેના સરનામે મોકલો.
(લેખની સોફ્ટ કોપી Dr. Jignesh B. Patel ને **jig_har@yahoo.com** પર ઈ-મેલ કરો.)

**પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી**
૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની-મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪
rgkothari@gmail.com